# મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., નવાગામ દ્વારા મહીજડા ખાતે "ખેડૂત સભા" યોજાઈ

અત્રેની કચેરી મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, નવાગામ અને ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈજર કંપની દ્વારા સંયુકત રીતે મહીજડા ખાતે "ખેડૂત સભા" યોજાઈ જેમાં અત્રેના કેન્દ્રના ડૉ. ધર્મેશકુમાર જે. કાચા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક(એગ્રોનોમી) અને શ્રી સંજુભાઈ એસ. થોરાટ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એન્ટોમોલોજી)ની ઉપસ્થિતિમાં તા.૧૭.૧૦.૨૦૨૪ના રોજ ગામ: મહીજડા, તા.દસક્રોઈ, જી.અમદાવાદ ખાતે યોજાયેલ હતો.

આ કાર્યક્રમમાં ડૉ. ડી.જે.કાચા, દ્વારા ઓરાણ ડાંગરની ખેતી પધ્ધતિ, ડાંગરની નવી તથા સુધારેલી જાતો વિષે અને શ્રી. એસ.એસ.થોરાટ, દ્વારા ડાંગરમાં આવતી જીવાતોનું સંકલિત વ્યવસ્થાપન તથા ડાંગરની ખેતીમાં ખેડૂતોના મૂંઝવતા પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. આ કાર્યક્રમમાં દસક્રોઈ તાલુકાનાના જુદા-જુદા ગામો માંથી ૨૫ જેટલા ખેડૂતો ઉપસ્થિત રહેલ હતા. GAR 13, GR 21 અને GAR 201 જાતોના નિદર્શન વાળા ખેતરોની મુલાકાત કરવામાં આવી. ત્યારબાદ આભાર વિધિ કરી સદર પરીસંવાદને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો.









સંશોધન વૈજ્ઞાનિક (ચોખા)ઈ.ચા.